# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: કલ્પના શાહ

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

**તારીખ : ૨૭-૧૧-૨૦૨૪ બુધવાર        સમય : સાંજે ૬:25 કલાકે**

---

## નવી કુટીર અને ગ્રામઉદ્યોગ નીતિ- ૨૦૨૪:

કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂત અને રાજ્યકક્ષાના મંત્રી જગદીશ વિશ્વકર્માએ આજે ગાંધીનગરમાં "નવી કુટિર અને ગ્રામોદ્યોગ નીતિ – ૨૦૨૪"ની જાહેરાત કરી હતી.

નવી નીતિમાં આગામી પાંચ વર્ષમાં વધુ 12 લાખ રોજગારીનું સર્જન કરવાનો લક્ષ્ય છે. આગામી પાંચ વર્ષમાં વધુ 60 હજાર નાના ઉદ્યોગ સાહસિકોને કૌશલ્ય વિકાસની તાલીમ આપવામાં આવશે.

નવી નીતિમાં શ્રી વાજપેયી બેન્કેબલ સ્કીમ હેઠળ મહત્તમ લોન રકમ આઠ લાખ રૂપિયાથી વધારીને 25 લાખ રૂપિયા કરવામાં આવી છે અને સબસિડીની રકમ એક લાખ 25 હજાર રૂપિયાથી વધારીને 3 લાખ 75 હજાર રૂપિયા કરવામાં આવી છે. શ્રી રાજપુતે જણાવ્યું હતું કે, નવી નીતિમાં ધિરાણ સુવિધા , બજારની પહોંચ વધારીને અને કૌશલ્ય તથા માળખાકીય વિકાસ દ્વારા સ્વનિર્ભર કુટિર ઉદ્યોગોને વિકસાવવા પ્રોત્સાહન આપવામાં આવ્યું છે.

- (RNU અમદાવાદ)

---

## ટપાલ વિભાગ-ડીજીટલ લાઈફ સર્ટીફીકેટ સુવિધા:

પેન્શનધારકો હવે નજીકની પોસ્ટઓફિસના પોસ્ટમેન અથવા ગ્રામીણ ડાક સેવકની મદદથી ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ મેળવી શકશે.

ટપાલ વિભાગે 70 રૂપિયાની ફીમાં પેન્શનધારકોને ઘરે બેઠા ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ પ્રદાન કરવાની સુવિધા આપી છે. પેન્શનધારકો પોસ્ટ ઈન્ફો મોબાઈલ એપ દ્વારા પણ આ સુવિધાનો લાભ મેળવી શકે છે.

પોસ્ટ માસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવે જણાવ્યું કે , અંતરિયાળ વિસ્તારમાં રહેતા પેન્શનરોને ટ્રેઝરીમાં જવા ઘણી વખત મુશ્કેલીનો સામનો કરવો પડે છે અને મુસાફરીમાં પણ ખર્ચ થતો હોય છે, તે માટે આ નિર્ણય કરાયો છે.

- (RNU અમદાવાદ)

---

## બાળ આરોગ્ય અંગે તપાસ-રાજ્ય-જીલ્લો:

રાજ્યમાં બાળ આરોગ્ય અંગે ડીજીટલ રેકોર્ડ ઉભો કરવાના નિર્ણયને પગલે રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા ૨૦૨૪-૨૫ ના વર્ષ દરમિયાન એક કરોડ ૯૯ લાખ ૫૫ હજાર ૩૬૫ બાળકોની તપાસના લક્ષ્યાંક સામે એક કરોડ, ૯૧ લાખ ૩૭ હજાર ૩૩૬ બાળકોની તપાસ પૂર્ણ કરી દેવામાં આવી છે. ત્યારે ચાલુ વર્ષે રાજ્યભર માંથી ૧ હજાર ૧૫ બાળકો હૃદયની, ૨૭૨ બાળકો કિડનીની, ૨૬૨ કેન્સર અને ૨૨ બાળક થેલેસેમિયાથી પીડીત હોવાનું જણાતાં તેમને સઘન સારવાર આપવાનું નક્કી કરાયું છે. ત્યારે જીલ્લામાં હૃદયની બીમારી ધરાવતા ૩૯, કિડનીની બીમારી ધરાવતા ૯, કેન્સરની બીમારી ધરાવતા ૧૩ તેમજ ૧ બાળકને થેલેસેમિયાની બીમારી હોવાનું જાણવા મળ્યું છે.

- (NP, કલ્પના શાહ)

---

## જીલ્લા બાગાયત ખાતાની વિવિધ યોજનાઓ:

આગામી વર્ષ ૨૦૨૪-૨૫ માટે જીલ્લા બાગાયત ખાતા દ્વારા ચાલતી વિવિધ યોજનાઓમાં સહાય મેળવવા આગામી તારીખ પહેલી ડીસેમ્બર થી ૧૫ ડીસેમ્બર સુધી આઈ ખેડૂત પોર્ટલ પરથી ઓનલાઈન અરજી કરી શકાશે..

બાગાયતી સહાય મેળવવા ઈચ્છુક ખેડૂતોએ ઓનલાઈન અરજી કરી જરૂરી સાધનિક પુરાવા સાથેની અરજી નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, ભુજ ખાતે આપવાની રહેશે. તેવું નાયબ બાગાયત નિયામકની એક યાદીમાં જણાવ્યું છે.

- (માહિતી ખાતુ, ભુજ)

---

## રોગન કલાને જીઆઈ ટેગ:

કચ્છની વિખ્યાત ગણાતી પાવરપટ્ટીની રોગાન કલાને ભૌગોલિક સ્થળાંકન જીઓગ્રાફિકલ ઇન્ડિકેશન - જી.આઇ. ની માન્યતા મળી છે. જેને પગલે નવી દિલ્હી ખાતે કેન્દ્રીય કાપડમંત્રીના હસ્તે રોગાનના કસબી પદ્મશ્રી અબ્દુલગફુર ખત્રીને જી.આઇ. પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું.

કચ્છની કસબમાં રોગાન કલાનું નામ મોખરે છે. ખાસ કરીને વિદેશી કલા પારખુઓ માટે આ કલા આકર્ષણરૂપ રહી છે . આ હસ્તકલાને જી.આઇ.ની માન્યતા મળે તે માટે પદ્મશ્રી અબ્દુલગફુર ખત્રીએ બે વર્ષ પૂર્વે કેન્દ્ર સરકારના કાપડ મંત્રાલયને દરખાસ્ત મૂકી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે , અત્યાર સુધી 400 કરતાં પણ વધુ ચીજવસ્તુને જી.આઇ. ટેગ આપવામાં આવ્યા છે. ગુજરાત રાજ્યની 22 જેટલી વસ્તુને અગાઉ જી.આઇ. ટેગ મળી ચુક્યો છે, જેમાં કચ્છની ખારેક ઉપરાંત કચ્છી ભરત કામ, કચ્છી બાંધણી, અજરખ, ગરમ શાલનો સમાવેશ થાય છે.

- (NP, કલ્પના શાહ)

---

## આંતરરાષ્ટ્રીય મહિલા હિંસા વિરોધી દિન:

આજે આંતરરાષ્ટ્રીય મહિલા હિંસા નિવારણ દિનની ઉજવણી કરાય છે. સ્ત્રી ઉપરના અત્યાચાર અને સ્ત્રી હિંસાના વધતા બનાવો સભ્ય સમાજ માટે ગહેરી ચિંતાનો વિષય બન્યા છે ત્યારે પશ્ચિમ કચ્છ મહિલા પોલીસ મથકમાં સેવારત પીએસઆઈ નીતા બહેન ચૌધરીએ ઘરેલું હિંસાનો ભોગ બનતી મહિલાઓને અપીલ કરી હતી કે, તેઓ અત્યાચાર સહન કરવાને બદલે હિંમતથી ફરિયાદ નોંધાવવા આગળ આવે તો જ સમાજમાં જાગૃતિ આવશે. સરકાર દ્વારા ચાલતી ૧૮૧ અભયમ હેલ્પલાઈન ખરા અર્થમાં મહિલાઓ માટે આશીર્વાદ સમાન છે, તેમ જણાવાયું હતું.

- (NP, કલ્પના શાહ)

---

## જીલ્લામાં વિષમ વાતાવરણ:

જીલ્લામાં ઠંડીની ઋતુની શરૂઆતમાં જ ઉષ્ણતામાનમાં વધારો થતા વાતાવરણીય વિષમતા વધી છે. મોડી સાંજથી સવાર સુધી ઠંડક ભર્યા વાતાવરણ બાદ દિવસે ગરમીની અનુભૂતિ થઇ રહી છે.

નલીયા ખાતે લઘુત્તમ ઉષ્ણતામાન ૧૩.૮ ડીગ્રી નોંધાયું હતું જેથી ગાંધીનગર પછી બીજા ક્રમનું ઠંડુ મથક બન્યું હતું. ભુજ ખાતે લઘુત્તમ ઉષ્ણતામાન ૧૭.૯ ડીગ્રીએ તો, કંડલા હવાઈમથક ખાતે ૧૪.૯ ડીગ્રીએ પહોચ્યું હતું. જયારે, ભુજ ખાતે મહત્તમ ઉષ્ણતામાન ૩૩.૮, નલીયા અને કંડલા બંદરે ૩૩ ડીગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. સવારે અને રાત્રે વાતાવરણમાં ઠંડક અનુભવાયા બાદ બપોરના સમયે હુંફાળું વાતાવરણ અનુભવાયુ હતું. હવામાન વિભાગે હજુ પાંચેક દિવસ આવો જ વાતાવરણીય માહોલ જળવાઈ રહેવાની શક્યતા વ્યક્ત કરી છે.

- (NP, કલ્પના શાહ)

---